# — : <u>ભાડાની હદમાં ઈમારતો / બાંધકામો તોડી ઉત્પન્ન થયેલ કાટમાળ / મલબો ઉપાડી ડમ્પીગ સાઈટ ઉપર ઠાલવવા સુધીના કામ માટેના ટેન્ડરની શરતો</u> : —

(૧) આ કામમાં મશીનરી અથવા મેન્યુઅલી રીતે ઇમારતો તોડી કાટમાળ ડમ્પીગ સાઈટ ઉપર નાખવાનો સમાવેશ થાય છે. મશીનરી કે મેન્યુઅલી કપાત છે તે સત્તામંડળના ટેકનીકલ અધિકારી દ્વારા નક્કી કરવામાં આવશે. ઇજારદારશ્રીએ મકાનો તોડીને તેનો કાટમાળ દુર કરવા માટે યોગ્ય સાઇઝના લોડિંગ, અનલોડિંગ તથા કાર્ટીગ માટે જરૂરી એવી તમામ પ્રકારની ભારે તથા હળવી મશીનરી વાપરવાની રહેશે અને કામગીરી માટે જરૂરી એવા તમામ મશીનો કે મજુરો ઈજારદારે પુરા પાડવાના રહેશે. કપાત માટે કટરની જરૂરીયાત ઉપસ્થિત થયે ઈજારદારે સ્વખર્ચે કટરની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) ટેન્ડર ફોર્મ પેટે રકમ રૂા.૧૦૦૦/—નો ડી.પી. / બેંકર્સ ચેક (નોન રીફંડેબલ) તથા અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ પેટે રૂા.૨૫,૦૦૦/—નો "ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ"ના નામનો રાષ્ટ્રીયકૃત બેન્કના ડીમાન્ડ ડ્રાફટ / બેંકર્સ ચેકથી ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવાના રહેશે. ઇજારદારે ટેન્ડરની સાથે તેણે આ પ્રકારનું અગાઉ કોઈ કામ કર્યુ હોય તો તેના આધારો રજુ કરવાના રહેશે. ઈજારદારે ટેન્ડર ફોર્મ સાથે ઇન્કમટેક્ષના છેલ્લા ત્રણ વર્ષના આવકવેરાના રીટન ફાઈલ કર્યાના આધારો રજુ કરવાના રહેશે. ટેન્ડર ફોર્મ સીલ બંધ કવરમાં રજુ કરવાનું રહેશે. કવર પર **"ભાડાની હદમાં ઈમારતો / બાંધકામો તોડી ઉત્પન્ન થયેલ કાટમાળ / મલબો ઉપાડી ડમ્પીગ સાઈટ ઉપર ઠાલવવા સુધીના કામ"** એમ લખવાનું રહેશે.

(૩) આ રેઈટ કોન્ટ્રાકટનો સમયગાળો સ્વિકૃતી પત્ર (હુકમ) થયાની તારીખથી એક વર્ષ સુધીનો રહેશે. જે કામગીરી સંતોષકારક જણાયેથી સત્તામંડળ વધુ સમયગાળા માટે વધારી શકશે. ઈજારદારને સત્તામંડળ દ્વારા જેમ જેમ કામની જરૂરીયાત ઉપસ્થિત થાય તેમ તેમ વર્કઓર્ડર આપવામાં આવશે. વર્ક ઓર્ડર મળ્યે ટૂંકી મુદતમાં કામગીરી શરૂ કરવાની રહેશે. કોઈ આકસ્મીક કે અસાધારણ કારણોસર કામગીરી થઈ શકે તેમ ન હોય તો ઈજારદારને મશીનરીનું કોઈપણ ભાડુ કે ખર્ચ ચુકવવામાં આવશે નહિ. ઇજારદારે અપાયેલ વર્કઓર્ડરમાં જણાવેલ મુદતની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

(૪) ઈજારદાર કામ અધુરુ મુકી દે તેવા સંજોગોમાં 'ભાડા' ખાતાકીય રાહે કામ કરાવી શકશે અને આવા પ્રસંગે ટેન્ડર—મંજુરીની રકમથી વધુ ચુકવાયેલ રકમ માટે ઈજારદારની જમા રહેલ ઈએમડી / સીકયુરીટી ડીપોઝીટમાંથી વસુલાત કરવામાં આવશે. તેમજ જો તે ઉપરાંતનો ખર્ચ થયેલ હશે તો તે ઈજારદાર પાસેથી વસુલ લેવામાં આવશે. ઇજારા દરમ્યાન તેઓની પેઢી માલિકીમાં કોઈ ફેરફાર થાય તેની જાણ સત્વરે ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળને કરવાની રહેશે.

(૫) આ કામગીરી માટે ઈજારદાર ઓછામાં ઓછુ એક એસ્કેવેટર કમ હીટાચી અને ૨(બે) ડમ્પર તથા પાંચ(૫) ટ્રેકટર ધરાવતાં હોવા જોઈએ. આ મશીનરીની માલિકી અંગે એજન્સીએ જરૂરી આધારો જેવા કે ભાડા કરાર, લીઝ કરાર, માલિકી અંગેના દસ્તાવેજો, આર.સી.બુક કે ખરીદીના બીલોની પ્રમાણિત નકલો ટેન્ડર સાથે સામેલ કરવાની રહેશે. તેમજ ઈજારદાર હસ્તકની મશીનરી વાહનોની યાદી રજુ કરવાની રહેશે.

(૬) ટેન્ડર ભરનારે સરકારી / અર્ધસરકારી / બોર્ડ / નિગમ કે સત્તામંડળના આ કામના અનુભવ અંગેના પ્રમાણપત્ર / વર્કઓર્ડર / હુકમની નકલો ટેન્ડર સાથે બીડવાની રહેશે.

(૭) સત્તામંડળના ટેકનીકલ અધિકારીઓ / ઇજનેરો / સર્વેયરો દ્વારા માપ લઈ ઇમારતો તોડવાનું કે કપાત કરવાનું માર્કિંગ કરી આપવામાં આવશે. સંપૂર્ણ કે અંશતઃ કપાતમાં આવતી ઈમારતના ફલોરના માપના ધોરણે કપાતમાં આવતા ઉપલા માળના માપ ગણતરીમાં લેવામાં આવશે. ડમ્પીગ સાઈટનું અંતર કામની સાઈટથી અંદાજે ૨ થી ૫ કિ.મી.નું રહેશ જે ખર્ચ ઈજારદરે ભોગવવાનું રહેશે. જે મલબો ઈજારદાર તેની માલિકી / કામની જગ્યા પર ઠાલવી શકશે. જેની મજુરી અને પરિવહન ખર્ચ ઈજારદારે ભોગવવાનું રહેશે. તેમજ સાઈટ સંપૂર્ણ કલીયર કરી આપવાની રહેશે.

(૮) બાંધકામ દૂર કરતી વખતે નીકળતી ફરી ઉપયોગમાં આવી શકે તેવી માલસામગ્રી જેમ કે, લોખંડ ,બારી–દરવાજા,પતરા,શેડ વિગેરીની તોડવા ખસેડવાની કામગીરી કરતાં પહેલા કચેરી સાથે ખરાઈ કર્યા બાદ જો મકાન માલિક ન સ્વિકારે અથવા સ્વિકારનાર હાજર ન હોય તેવા કિસ્સામાં આવી સામગ્રી અલગ રીતે ભુજ વિસ્તાર વિકાસ સતામંડળ "ભાડા" માં જમા કરવાની રહે છે. જેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. ઇમારત તોડતા તથા કાટમાળ ખસેડતી વખતે કાટમાળ સિવાયની કોઈ મિલ્કત જેવી કે ઘરવખરી, ફર્નિચર, દાગીના વિગેરે નીકળે તો તે મકાન માલિક/ ભાડુઆતને પરત કરવાના રહેશે અથવા સત્તામંડળના દેખરેખ માટેના અધિકારી મારફતે સત્તામંડળમાં જમા કરાવવાના રહેશે.

(૯) ઈજારદારે તોડફોડની તેમજ કાટમાળ ખસેડવાની કામગીરી કરતી વખતે અન્ય કોઈ મકાન–મિલ્કત કે વ્યકિતને નુકશાન ન થાય તેની પુરેપુરી તકેદારી રાખવાની રહેશે. હયાત વીજલાઈન,પાણીની લાઈન વિગેરેની સુવિધાને નુકશાન ન પહોંચે તેની કાળજી રાખવાની રહેશે. કામકાજ દરમ્યાન ઈજારદારને કે તેના માણસોને કોઈ પ્રકારનું નુકશાન, ઇજા કે હાનિ થાય તો તેની જવાબદારી ઇજારદારની રહેશે. તેમજ સલામતીના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે. કામગીરી દરમ્યાન ઈજારદાર કે તેના પ્રતિનિધિઓ કે નોકરીયાતો દ્વારા જો કોઈ વ્યકિત કે સંસ્થાની મિલ્કતને નુકશાન પહોચાડયુ હોય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૦) ઇમારતને તોડવાની રીત તથા કાટમાળ ઉપાડવાની રીત બાબતે ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ તરફથી નિર્ણય લેવામાં આવશે. જેનો અમલ ઇજારદારે કરવાનો રહેશે. ઇજારદારે આ કામ ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ હેઠળ આ કામ માટેના અધિકારીશ્રી / સર્વેયર / એન્જીનીયરની દેખરેખ હેઠળ કરવાનું રહેશે. તેમજ ઈજારદારે કામના સ્થળે તથા ડમ્પીંગ સાઈટ ઉપર યોગ્ય સુપરવાઇઝરો મુકવાના રહેશે.

(૧૧) કચેરી દ્વારા ટુંકી નોટીસથી જાણકરવામાં આવે તેવા સમયે ઈજારદારશ્રી દ્વારા તાત્કાલીક જરૂરી મશીનરી તથા મજુરોની વ્યવસ્થા કરી આપવાની રહેશે.

(૧૨) ઇજારદારે ઇજારો મંજુર થયે કામ જાતે કરવાનું રહેશે. જો ઇજારદારે આ કામ પેટા ઇજારદારને સોપ્યું હોવાનું માલુમ પડશે તો તેનો ઇજારો રદ કરી શકાશે અને અનામતની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૩) ઇજારદાર દ્વારા જે વિસ્તારમાં કામ ચાલુ હોય તે વિસ્તારમાં થઈને સામાન્ય રીતે આવન– જાવન કરતા વાહનો માટે સાઈન બોર્ડ કે કામ ચાલુ હોવાનું જાણી શકાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૪) ઇજારદાર દ્વારા દર માસે માસિક આર.એ.બીલ રજુ કરવાનું રહેશે. કામગીરી સતોષકારક રીતે કરવામાં આવતી હોવાનું જણાશે તો થયેલ કામગીરી પ્રમાણે બીલની રકમના ૯૦ ટકા રકમનું ચુકવણું કરવામાં આવશે. બાકીની રકમ કામ પુરુ થયે કોન્ટ્રાકટની મુદત પુર્ણ થયા બાદ કામગીરીની ખરાઇ કરીને ચુકવાશે. કોઈપણ એડવાન્સ રકમ ચુકવવામાં આવશે નહિ.

(૧૫) ઇમારત તોડતી પહેલા / ડીમોલીશનની કામગીરી દરમ્યાનના ફોટોગ્રાફ / વિડિયો શુટીંગ ઈજારદારે લેવાના રહેશે. જેનું ખર્ચ ઈજારદારે ભોગવવાનું રહેશે. અને બીલ સાથે રજુ કરવાના રહેશે.

(૧૬) ટેન્ડર મંજુર થયેથી જરૂરી એગ્રીમેન્ટ(કરાર) યોગ્ય રકમના સ્ટેમ્પ પેપર ઉપર ઇજારદારે કરાવવાનો રહેશે. તેમજ જણાયેલ શરતોનું ઈજારદારે પાલન કરવાનું રહેશે. સરકારશ્રીના કે સત્તામંડળના કોઈ કાયદા કે નિયમોનું ભંગ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે.

(૧૭) કોઈપણ ઇજારદારનો ઇજારો માન્ય રાખવા કે નહિ તેની આખરી સત્તા સત્તામંડળની રહેશે. તેમજ કોઈ પણ શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. સરદહુ ઇજારાનું કાનૂની કાર્યક્ષેત્ર ભુજ શહેર ગણાશે.

**એજન્સીનું નામ અને સહી**

# ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ

રિલાયન્સ હોલ,બહુમાળી ભવન પાસે,ભુજ–૩૭૦૦૦૧.
ફોન : ૨૨૧૭૩૪,ફેક્ષ : ૨૨૩૮૯૯, ઈમેઈલ : bhujadabhuj@gmail.com
વેબસાઈટ :www.bhujada.com


**<u>કામનું નામ :–</u>** **ભુજ શહેરમાંથી ભાડા ધ્વારા સુચવ્યા મુજબની ઇમારતો / બાંધકામ તોડી ઉત્પન્ન થયેલ કાટમાળ / મલબો નિયત ડમ્પીગ સાઇટ ઉપર ઠાલવવા સુધી કામગીરીનો વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ.**

**(ઈજારાનો સમયગાળો : સ્વીકૃતિપત્ર(હુકમ) આપ્યા તારીખથી એક વર્ષનો રહેશે)**

(૧) એજન્સીનું નામ : ................................................................

(૨) એજન્સીનું સરનામું : ................................................................

................................................................

................................................................

(૩) ફોન નં.(કચેરી) .................... મોબાઇલ નં.........................

(૪) ટેન્ડર ફોર્મ (નોન રીફન્ડેબલ) રકમ રૂા. ૧,૦૦૦/– બેન્કનું નામ : ..........................
ડ્રાફટ નંબર ............................ તારીખ :..........................

(૫) અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ રૂા. ૨૫,૦૦૦/– બેન્કનું નામ : ..........................
ડ્રાફટ નંબર ............................ તારીખ :..........................

(૬) જી.એસ.ટી. નં...........................................................

| | | |
|---|---|---|
| (૭) | પ્રી–બીડ મીટીગની તારીખ અને સમય. | તા.૨૩/૦૭/૨૦૨૧ સમય : ૦૧.૦૦ કલાકે |
| | ભરેલા ટેન્ડર ફોર્મ જમા લેવાની છેલ્લી તારીખ | તા.૩૧/૦૭/૨૦૨૧ કચેરી સમય દરમ્યાન |
| | હાજર ટેન્ડરરો સમક્ષ ટેન્ડર ખોલવાની તારીખ અને સમય. | પત્ર ધ્વારા જાણ કરવામાં આવશે. |

ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળના કાર્યક્ષેત્રમાં સુચવ્યા મુજબના સ્લેબવાળા (ફ્રેમ સ્ટ્રકચર કે લોડ બેરીંગ) મકાનો તથા છાપરાવાળા કે નળીયાવાળા મકાનો મશીનરી કે મેન્યુઅલી રીતે સંપૂર્ણ કે અંશતઃ રીતે કપાત કરી ઉત્પન્ન થયેલ કાટમાળ ઉપાડી લઈ અંદાજે ૨ થી ૫ કિ.મી. દુર ડમ્પીગ સાઈટ ઉપર ઠાલવવા સુધીના કામનો નીચે મુજબના ભાવ રજુ કરું છું. તથા સ્વિકૃતી પત્ર (હુકમ) થયાની તારીખથી એક વર્ષ સુધીના સમયગાળા માટે વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ કરવા અમો સંમત છીએ. આ ટેન્ડર ફોર્મ સાથેની તમામ શરતો અમોને બંધનકર્તા રહેશે.

**<u>એજન્સીનું નામ અને સહી</u>**

| ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળની હદમાંથી ઈમારતો તોડીને ઉત્પન્ન થયેલ મલબો ડમ્પીંગ સાઈટ ઉપર ઠાલવવા સુધીનું રેઈટ કોન્ટ્રાકટના ભાવોની વિગત દર્શાવતું પત્રક | | | |
|---|---|---|---|
| ક્રમ | વિગત | | ભાવ રૂા. |
| ૧ | A | ત્રણ(૩)માળ સુધીના (પ્રતિ ચો.મી.) | |
| | B | ચાર(૪)માળ કે તેથી વધુ માળના (પ્રતિ ચો.મી.) | |
| ૨ | છાપરા / નળિયાવાળા મકાન (પ્રતિ ચો.મી.) | | |
| ૩ | ઓટલા તોડવા | | |
| | A | R.C.C. ઓટલા (ક્યુ.મી.) | |
| | B | C.C. ઓટલા (ક્યુ.મી.) | |
| | C | ચણતર ઓટલા ( ક્યુ.મી.) | |
| ૪ | એંગલ શેડ ઉતારવા | | |
| | A | A.C.Sheet(ચો.મી.) | |
| | B | G.I. / Plastic Sheet(ચો.મી.) | |
| ૫ | દિવાલોનું ચણતર કામ ( Brick Masonary or Stone Masonary) | | |
| | A | In Lime Mortar (ક્યુ.મી.) | |
| | B | In Cement Mortar (ક્યુ.મી.) | |
| ૬ | સીમેન્ટ કોન્ક્રીટ (RCC) ની દિવાલ (ક્યુ.મી.) | | |
| ૭ | વાયર ફેન્સીંગ (રનીંગ મી.) | | |
| ૮ | કાટમાળ હટાવવાનો ભાવ ( મેટ્રીક ટન) | | |

**<u>એજન્સીનું નામ અને સહી</u>**